‘આત્મકથામાં સાંસ્કૃતિક સંદર્ભ’
(પસંદગીની કૃતિઓના વિશેષ સંદર્ભે)

ભૂમિકા :

જીવાતા જતા જીવનમાં કયારેક એવી કેટલીક ક્ષણો સર્જાય છે જયારે વ્યકિત પોતાની વર્તમાનની ક્ષણોમાંથી નીકળી અતીત તરફ નજર માંડે છે. પશ્ચિમી સાહિત્યમાંથી આપણે ત્યાં આવેલું આત્મકથા જેવું સ્વરૂપ ધીમે ધીમે વિકાસ પામતું ગયું છે. જન્મથી માંડી વર્તમાનની હયાત ક્ષણ સુધીની જીવનની એ તમામ ક્ષણોને સ્મૃતિપટ પર લાવી તેને શબ્દસ્થ કરવાનો પ્રયત્ન કરે છે અને તેમાંથી આત્મકથાનું સર્જન થાય છે. પોતાના જીવનની વાત કરવી એ મનુષ્ય માત્રનો સહજ સ્વભાવ છે.

આમ તો વ્યકિત અને સમાજ પરસ્પર સંબંધિત છે, વ્યકિત વિનાના સમાજની કલ્પના થઈ શકતી નથી.સંસ્કૃતિ એ માનવસમાજનું આવશ્યક લક્ષણ છે. સમાજ વગર માનવીની સભ્યતા કે સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવી શકતી નથી.

આત્મકથામાં આત્મકથાકારના આંતર બાહ્ય વ્યકિતત્વ તથા જીવનની મહત્વની ઘટનાઓ તો ઉજાગર થાય જ છે. પણ સાથે સાથે તત્કાલીન રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક પરિસ્થિતિઓનો ખ્યાલ પણ આવે છે.

સંશોધન માટે પસંદ કરેલ વિવિધ ભાષાની શ્રેષ્ઠતમ કૃતિઓને તપાસવા પાછળનો મુખ્ય આરાય આત્મકથક તથા તેના જીવનના અંતરંગને જાણવાનો તો છે જ, પરંતુ સાથે સાથે જે – તે પ્રદેશ, પ્રાંત કે દેશની વિવિધ પરિસ્થિતિઓને પણ ઉકેલવાનો છે. આ આત્મકથાના સંદર્ભે જે – તે સમયની સાંસ્કૃતિક પરિસ્થિતિને તપાસવાનો ઉપક્રમ રહ્યો છે. સંશોધન માટે પસંદ કરેલી કૃતિઓમાં મુખ્યત્વે ગોર્કીની વિશ્વ પ્રસિધ્ધ આત્મકથા 'મારું બાળપણ', 'મારી તાલીમ', 'મારા વિશ્વવિદ્યાલયો', સાર્ત્રની 'વર્ડઝ', ચેપ્લિનની 'માય ઓટોબાયોગ્રાફી ', ભારતીય સાહિત્યમાં લક્ષ્મણ ગાયકવાડની ઉઠાઉગીર (મરાઠી), ઓમપ્રકાશ વાલ્મીકિની 'જૂઠન ' (હિન્દી) અમૃતા પ્રીતમની 'રેવન્યૂ સ્ટેમ્પ' (પંજાબી) ગુજરાતી સાહિત્યમાં નર્મદની 'મારી હકીકત', ક.મા.મુનશીની 'અડધે રસ્તે', 'સીધાં ચઢાણ', 'સ્વપ્નસિધ્ધિની શોધમાં ', ચંદ્રકાન્ત બક્ષીની 'બક્ષીનામા ભાગ ૧–૩ ' સામેલ છે.

મહાશોધનિબંધના આ વિષયને નીચે મુજબના પ્રકરણોમાં વિભાજિત કર્યા છે.

પ્રકરણ –૧ : આત્મકથા : સંજ્ઞા અને સ્વરૂપ

પ્રકરણ – ૨ : આત્મકથાનો વિકાસક્રમ

પ્રકરણ –૩ : સાહિત્યમાં સાંસ્કૃતિક દર્શન

પ્રકરણ – ૪ : આત્મકથામાં સાંસ્કૃતિક સંદર્ભ

૪.૧ : વિદેશી આત્મકથાઓ

૪.૧.૧ : ગોર્કી : 'મારું બાળપણ'
'મારી તાલીમ'
'મારા વિશ્વવિદ્યાલયો'

૪.૧.૨ : સાર્ત્ર : 'વર્ડઝ'

૪.૧.૩ : ચાર્લી ચેપ્લિન : 'મારી આત્મકથા '

૪.૨ : ભારતીય આત્મકથાઓ

૪.૨.૧ : લક્ષ્મણ ગાયકવાડ : 'ઉઠાઉગીર'

૪.૨.૨ : ઓમપ્રકાશ વાલ્મીકિ : 'જૂઠન '

૪.૨.૩ : અમૃતા પ્રીતમ : 'રેવન્યૂ સ્ટેમ્પ '

૪.૩ : ગુજરાતી આત્મકથાઓ

૪.૩.૧ : નર્મદ : 'મારી હકીકત'

૪.૩.૨ : ક.મા.મુનશી : 'અડધે રસ્તે', 'સીધાં ચઢાણ',
'સ્વપ્નસિદ્ધિની શોધમાં'

૪.૩.૩ : ચંદ્રકાન્તબક્ષી : 'બક્ષીનામા ભાગ ૧ થી ૩ '

ઉપસંહાર

ઉપરોકત પ્રકરણોનો ટૂંકસાર નીચે મુજબ છે.

પ્રકરણ–૧

આ પ્રકરણમાં આત્મકથા સ્વરૂપની વિવિધ વ્યાખ્યા, સંજ્ઞાના વિવિધ પર્યાય, આત્મકથાના લક્ષણો તેમજ તેનું અન્ય સાહિત્ય સ્વરૂપ સાથેના સામ્ય વૈષમ્યને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે.

પ્રકરણ– ૨

આ પ્રકરણમાં ઉદ્ભવ અને વિકાસની વાત કરીને પશ્ચિમી, ભારતીય અને ગુજરાતી સાહિત્યમાં લખાયેલ આત્મકથાના ઉદ્ભવ અને વિકાસને વિગતે સ્પષ્ટ કરેલ છે.

પ્રકરણ–૩

આ પ્રકરણમાં સાંસ્કૃતિક પરિવેશની અસર જે તે આત્મકથા પર કેવી અને કેટલી પડે છે અને સાંસ્કૃતિક અસરથી સર્જકના વ્યકિત્વ પર કેવી સારી માઠી અસર પડે છે એ દર્શાવ્યું છે.

પ્રકરણ– ૪

૪.૧ વિદેશી આત્મકથાઓ

આ પ્રકરણમાં ગોર્કી, સાર્ત્ર અને ચેપ્લિનના બાળપણથી માંડીને યુવાવસ્થા સુધીની અંગત અને બિનઅંગત અનુભૂતિને અને તેમાંથી સર્જાતી પરિસ્થિતિઓને તત્કાલીન સાંસ્કૃતિક પરિવેશના સંદર્ભે કેન્દ્રસ્થ કરીને તપાસવાનો પ્રયાસ કર્યો છે.

૪.૨ ભારતીય આત્મકથાઓ

આ પ્રકરણમાં લક્ષ્મણ ગાયકવાડ, ઓમપ્રકાશ વાલ્મીકિ અને અમૃતા પ્રીતમ જેવા ભારતીય સાહિત્યકારોની આત્મકથા દ્વારા સમાજને

વેઠવો પડતો અન્યાય, સમાજ પરત્વેની ઉપેક્ષા, તત્કાલીન સામાજિક વ્યવસ્થાની ક્રૂરતા, યુગદર્શન, સમાજદર્શન તે ઉપરાંત દેશ– પ્રદેશોની સંસ્કૃતિને વિગતે તપાસી છે.

૪.૩ ગુજરાતી આત્મકથાઓ

આ પ્રકરણમાં નર્મદ, મુનશી અને બક્ષી જેવા ગુજરાતી સાહિત્યકારોની આત્મકથા દ્વારા ગુજરાતની પલટાતી જતી સામાજિક સ્થિતિ, તત્કાલીન રાજકીય પ્રવૃત્તિઓ, સાહિત્યિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિને વિગતે તપાસવાનો પ્રયાસ કર્યો છે.

આ મહાશોધ નિબંધને અંતે ઉપરોકત તમામ પ્રકરણોના તારણ સ્વરૂપે ઉપસંહાર રજુ કરવામાં આવ્યો છે.

આ મહાશોધનિબંધના અંતે આધાર ગ્રંથો અને સંદર્ભગ્રંથોની સૂચિ મૂકવામાં આવી છે.

તારીખ :

સ્થળ : વલસાડ

સોનલ એન. પ્રજાપતિ
શોધાર્થી

પ્રા. ડૉ. ભરત પરીખ
માર્ગદર્શક
જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ,
વલસાડ